જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૩૦/૮/૨૦૧૫ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૭૫૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી અને ૧૨ વ્યક્તિઓને ઝડપી ૧૪૦ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૭ બિયરટીન કબ્જે કર્યા હતા. તેમજ જુગારધાર હેઠળ ૦૧ કેસ કરી ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯૩૦ અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૮/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૭૫૯/૧૫**

**નવરંગપુરાઃ** આસીફ અબ્દુલરઉફ કુરેશી (રહે.ગ્યાસીરામની ચાલી જેઠાલાલની ચાલી કેલીકો મીલ સામે) એ તા.૨૪/૮/૧૫ સવારના ૧૧/૦૦ વાગે નવરંગપુરા જુની હાઈકોર્ટ પાસે અંડરબ્રીજની બાજુમાં પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ સીઝેડ ૩૯૯૨ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/-પાર્ક કરી હતી. જેની ચોરી બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ આસીફ કુરેશીએ તા.૨૯/૮/૧૫ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેશભાઈ અભેસંગ ચલાવે છે.

**ગાય સાથે અથડાતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૭૬૦/૧૫**

**ઓઢવઃ** રાજેન્દ્રસિંગ ઉર્ફે રાજેન્દ્રરાવ શિવસીંગ યાદવ (રહે.ગણેશકોલોની રોડ જનતાનગર સામે ઓઢવ) તા.૨૯/૮/૧૫ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે કણભા સિંગરવા રોડ ઉપર આવેલ ઉમિયા વિજય સો મીલ નજીકથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં ગાય આવી જતા રાજેન્દ્રસિંગ યાદવ ગાય સાથે અથડાતા રાજેન્દ્રસિંગ પટકાઈ જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ થયુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર રાજેન્દ્રસિંગના ભત્રીજા મોહનકુમાર વિક્રમરાય યાદવે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી એમ નિમાવત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૧/૧૫**

| | |
|---|---|
| **કૃષ્ણનગર :** દિનેશભાઇ ગોકળભાઇ રબારી (ઉ.વ.૨૬)(રહે.રબારીવાસ ચેહરનગર, સૈજપુર બોઘા, કૃષ્ણનગર) તા.૧૪/૦૮/૧૫ ના રોજથી ગુમ છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. સફેદ રંગનું શર્ટ અને કાળુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૨૧૪૫૧) |  |
| **સોલા હાઈકોર્ટઃ** સુનિતાબહેન રેમાનભાઈ સંગાડા (ઉ.વ.૧૯) (રહે.જનતાનગર ફાટકની બાજુનાં છાપરાં, ઘાટલોડીયા) તા.૧/૮/૧૫ રાતનાં સમયથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને શ્યામવર્ણા છે. બ્લાઉઝ, ચણીયો અને ઓઢણી પહેરી છે. જમણા હાથે ફુલ કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નં. ૨૭૬૬૪૫૯૦) |  |
| **નરોડાઃ** સુરેશ રામલાલ પ્રજાપતિ (ઉ.વ.૧૫)(રહે. અભિમન્યુ સોસાયટી, શાલીન સ્કુલની બાજુમાં, પાયલનગર પાસે, નરોડા) તા.૧૪/૮/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારેથી ગુમ છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનો શર્ટ અને બ્લ્યુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઈંચ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **નરોડાઃ** પલક ઉર્ફે પ્રિતી રાજેશભાઇ મહેતા (ઉ.વ.૪૧)(રહે.નંદનવન ડુપ્લેક્ષ, નરોડા) તા.૧૧/૮/૧૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાની પુત્રી માહી (દોઢ વર્ષ આશરાનો) સાથે લઇ ક્યાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને શરીરે કોડ છે. મહેંદી રંગનો ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૩ ઈંચ છે.(નરોડા પોલીસ સ્ટેશન ટેલી.નં. ૨૨૮૧૫૮૧૪) |   |
| **રખિયાલ :** મદિનાબાજી મુસ્તાકભાઇ શેખ (ઉ.વ.૨૦)(રહે.અજીત રેસીડન્સી, રખિયાલ) તા.૧૨/૮/૧૫ ના કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઇંચ છે.(રખિયાલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૪૩૬૦૯) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)